ચોમાસા પહેલાં જળસંચયનાં કામો પૂર્ણ કરવા મુખ્યમંત્રીનું આહવાન

જે જિલ્લામાં કામગીરી ઓછી થઇ છે ત્યાં ગતિ લાવવા તમામ જિલ્લા કલેક્ટરોને સૂચન

ગાંધીનગરઃ આગામી ચોમાસા પહેલાં જળસંચયના કામોનું આગોતરું આયોજન કરીને વરસાદી પાણીનો મહત્તમ સંગ્રહ થાય અને જળસંચય ક્ષેત્રે ગુજરાતની અગ્રેસરતા યથાવત્ જળવાઈ રહે તે માટે સીએમ ભૂપેન્દ્ર પટેલે રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરોને સ્પષ્ટ સૂચન કર્યું છે. રાજ્યમાં જળસંચય જન ભાગીદારી 2.0 અભિયાનની કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા માટે ભારત સરકારના જલશક્તિ મંત્રાલય અને રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી વીડિયો કોન્ફરન્સમાં મુખ્યમંત્રીએ આ આહ્વાન કર્યું હતું. આ બેઠકમાં કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી. આર. પાટીલ, વિભાગના સચિવ કાન્તારાવ સહિતના અધિકારીઓ દિલ્હીથી તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ અને વરિષ્ઠ સચિવો ગાંધીનગરથી જોડાયા હતા.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, જિલ્લાઓએ ભવિષ્યને ધ્યાનમાં રાખીને વરસાદી પાણીના સંગ્રહ અને સંચયના કામો આયોજનબદ્ધ રીતે હાથ ધરવા જોઈએ. જે જિલ્લાઓમાં કામગીરી ઓછી થઈ છે ત્યાં વધુ ગતિ લાવવી જરૂરી છે. રાજ્ય સરકાર દ્વારા દરેક ધારાસભ્યને જળસંચય-જળસંગ્રહ માટે ફાળવેલી રૂ. 50 લાખની ગ્રાન્ટનો પણ પૂરતો ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી.

મુખ્યમંત્રીએ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને ફાળવાયેલી રૂ. 553 કરોડની ગ્રાન્ટ સહાયનો સંપૂર્ણ ઉપયોગ માર્ચ-2026 પહેલાં થઈ જાય તે માટે વ્યાપક જળસંચયના કામો ત્વરાએ શરૂ કરવા પર ભાર મૂક્યો હતો.

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલએ જણાવ્યું હતું કે, જૂના બોર રિચાર્જ માટે 90 ટકા સહાય કેન્દ્ર સરકાર તરફથી મળતી હોવાથી રાજ્યને મોટો લાભ થયો છે. તેમણે NGOsને વધુ સક્રિય રીતે જોડવા તથા વૈજ્ઞાનિક પદ્ધતિથી વોટર સ્ટ્રક્ચર નિર્માણ પર ભાર મૂક્યો હતો. પાટીલે કહ્યું હતું કે, વિકસિત ભારત ગેરેન્ટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) અંતર્ગત મળનારા ફંડમાંથી 40 ટકા રકમ જળસંચય-જળસંગ્રહના કામો માટે ઉપયોગમાં લઈ શકાય તેવી ઉદાર જોગવાઈ છે. ચાલુ વર્ષે 31 મે, 2026 સુધીમાં દેશભરમાં એક કરોડથી વધુ જળસંગ્રાહક સ્ટ્રક્ચર બનાવવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, જળસંચય જન ભાગીદારી-1 અભિયાન હેઠળ ગુજરાતમાં 1,33,522થી વધુ જળસંચયના કામો પૂર્ણ થયા છે. રેઈન વોટર હાર્વેસ્ટિંગ, રિચાર્જ ટ્યુબવેલ, તળાવ ઊંડા કરવું, ખેત તલાવડી, ફિલ્ટર વેલ જેવા કાર્યોના પરિણામે ભુગર્ભ જળ રિચાર્જમાં નોંધપાત્ર વધારો થયો છે.

વાદળછાયા વાતાવરણથી રાજ્યમાં ઠંડી ઘટી, નલિયામાં 12 ડિગ્રી ઠંડી

ગાંધીનગરઃ વાદળછાયા વાતાવરણા પગલે ગુજરાતમાં હાલમાં ઠંડીમાં રાહત મળી છે. આજે દિવસ દરમ્યાન કચ્છના નલિયામાં 3 ડિગ્રી ઠંડી નોંધાવવા પામી છે. આજે દિલવસ દરમ્યાન આકાશ વાદળછાયુ રહ્યું હતું. વહેલી સવારે શીતલહેરની અસર જોવા મળી હતી. ચાલુ સપ્તાહ દરમ્યાન રાજયમાં ઠંડીમાં કોઈ મોટો ફેરફાર જોવા મળી રહ્યો નથી. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ , રાજયમાં આજે અન્ય શહેરો પૈકી ભૂજમાં 16 ડિ.સે.,નલિયામાં 12 ડિ.સે., કંડલા પોર્ટ પર 18 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 15 ડિ.સે.,અમરેલીમાં 16 ડિ.સે., ભાવનગરમાં 19 ડિ.સે.,પોરબંદરમાં 17 ડિ.સે., રાજકોટમાં 15 ડિ.સે., સુરેન્દ્રનગરમા 17 ડિ.સે., મહુવામાં 18 ડિ.સે., કેશોદમાં 16 ડિ.સે.,અમદાવાદમાં 19 ડિ.સે.,ડીસામાં 16 ડિ.સે.,ગાંધીનગરમાં 18 ડિ.સે.,વલ્લભ વિદ્યાનગરમાં 19 ડિ.સે.,વડોદરામાં 20 ડિ.સે., સુરતમાં 19 ડિ.સે. અને દમણમાં 20 ડિ.સે. લઘુતમ તાપમાન નોંધાવવા પામ્યું છે.

સોમનાથમાં મહાશિવરાત્રિની વિશેષ પૂજા માટે ધસારો, વેબસાઈટ જામ

ટ્રસ્ટનાં તમામ ઓનલાઈન સર્વર ડાઉન થઈ જતાં યુદ્ધના ધોરણે રિપેરિંગની કામગીરી શરૂ કરવી પડી

ગાંધીનગરઃ પવિત્ર મહાશિવરાત્રિના પાવન પર્વે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા વિશેષ બિલ્વ પૂજા નોંધાવવા માટે ઓનલાઈન પ્રવાહ એટલી હદે વધી ગયો કે સિસ્ટમના સર્વરો પણ જામ થઈ ગયા હતા. જેના પગલે મુંબઈની નિષ્ણાત IT ટીમો રાત-દિવસ કામે લાગી છે.

શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા વિશેષ બિલ્વ પૂજા નોંધાવવા માટે દેશ-વિદેશના શિવભક્તો તરફથી સારો પ્રતિસાદ મળતા ભારે ધસારાને કારણે સિસ્ટમના સર્વરો હેગ (જામ) થઈ જતા ટેકનિકલ સમસ્યાઓ ઉકેલવા યુદ્ધના ધોરણે કામગીરી ચાલુ છે. અત્યાર સુધીમાં 13 લાખથી પણ વધુ ભાવિકોએ આ પૂજા ઓનલાઈન નોંધાવીને છે. ભારે ધસારાને કારણે જે ભક્તો છેલ્લી 24 કલાકમાં પૂજા નથી નોંધાવી શક્યા, ટેકનિકલ કામગીરી પૂર્ણ થતા જ વ્યવસ્થા પૂર્વવત થશે. આપ જલ્દી જ ફરીથી આપની વિશેષ બિલ્વપૂજા નોંધાવી શકશો.

સુપ્રસિદ્ધ યાત્રાધામ બહુચરાજી મંદિરમાં યુવકે છરા સાથે રીલ બનાવી

સોશિયલ મીડિયામાં વિડીયો વાયરલ થતા પોલીસે યુવકને દબોચી લઈ ઉઠક બેઠક કરાવી માફી મંગાવી

ગાંધીનગરઃ આજકાલ લોકોમાં રીલ બનાવવાની ઘેલછા એટલી હદે વધી ગઈ છે કે, કાયદાનું પણ પાલન કરતા નથી, તેવામાં ઉત્તર ગુજરાતના સુપ્રસિદ્ધ બહુચરાજી મંદિરમાં એક યુવકે છરા (હથિયાર) સાથે રિલ બનાવી સોશિયલ મીડિયા પર અપલોડ કરી હતી. જો કે પોલીસે આ યુવકને ઝડપી લઈ ઉઠક બેઠક કરાવી તેની વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે મળતી માહિતી મુજબ બહુચરાજી મંદિરમાં બેયર ગામના નારસંગ ઉર્ફે પીન્ટુ સોલંકી નામના યુવકે હથિયાર સાથે રીલ બનાવી હતી, જે સોશિયલ મીડિયામાં વાયરલ થઈ હતી. બીજી તરફ આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ બહુચરાજી પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી બેયર ગામના નારસંગની ધરપકડ કરી જે સ્થળ ઉપર એટલે કે મંદિરમાં રીલ બનાવી હતી, ત્યાં જ તેને લાવીને ઉઠક બેઠક કરાવી તેની વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

ડોનાલ્ડ ટ્રમ્પે ભારતને ધમકી આપીને અમેરિકા સાથે ટ્રેડ ડીલ કરવા મજબૂર કર્યું છે?

ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ થયું છે, તેવા સમાચાર ભારતના વડા પ્રધાન કે વેપાર પ્રધાન દ્વારા નહીં પણ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેર કરવામાં આવ્યા તે જોયા પછી દાળમાં કાંઈક કાળું હોવાની શંકા પેદા થયા વિના રહેતી નથી. હજુ સુધી ભારત કે અમેરિકા દ્વારા અધિકૃત રીતે આ ટ્રેડ ડીલની વિગતો જાહેર કરવામાં આવી નથી; પણ અમેરિકાએ ભારત પરનો ટેરિફ ૫૦ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવ્યો તે જાણ્યા પછી લાગ્યા વિના રહેતું નથી કે અમેરિકાનો લાલો લાભ વગર લોટે તે વાતમાં માલ નથી. અમેરિકાએ ભારત પરનો ટેરિફ ઘટાડ્યો તેની સામે ભારતે શું ગુમાવ્યું? તેની વિગતો પણ હજુ જાહેર થઈ નથી, પણ અમેરિકાના કૃષિસચિવ બ્રુક રોલિન્સની જાહેરાત પછી લાગે છે કે તેને કારણે ભારતના કિસાનોનો કોળિયો ઝૂંટવી લેવામાં આવશે અને અમેરિકાના ખેડૂતોનું ખપ્પર ભરવામાં આવશે. ભારત-અમેરિકા વચ્ચેના વેપાર કરારની જાહેરાત બાદ યુએસ કૃષિસચિવ બ્રુક રોલિન્સે જણાવ્યું હતું કે આ વેપાર કરારથી ભારતીય બજારમાં અમેરિકાનાં કૃષિ-ઉત્પાદનોની નિકાસમાં વધારો થવાની અપેક્ષા છે.

અમેરિકાના કૃષિસચિવ બ્રુક રોલિન્સે ઇન્સ્ટાગ્રામ પર લખ્યું છે કે નવા અમેરિકા-ભારત કરારથી ભારતના વિશાળ બજારમાં અમેરિકાનાં કૃષિ-ઉત્પાદનોની નિકાસ વધશે. તેમણે વધુમાં જણાવ્યું કે ૨૦૨૪ માં ભારત સાથે અમેરિકાની કૃષિ વેપાર ખાધ ૧.૩ અબજ ડોલરની હતી. ભારતની વધતી વસ્તી અમેરિકાનાં કૃષિ-ઉત્પાદનો માટે એક મહત્ત્વપૂર્ણ બજાર છે અને આજનો કરાર આ ખાધ ઘટાડવામાં ઘણી મદદ કરશે. તેમણે વ્હાઇટ હાઉસની એક પોસ્ટ શેર કરી જેમાં જાહેરાત કરવામાં આવી હતી કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરી હતી , જે દરમિયાન મોદી રશિયન તેલ ખરીદવાનું બંધ કરવા અને અમેરિકાના તેલની ખરીદી વધારવા સંમત થયા હતા, જેમાં વેનેઝુએલાનો પણ સમાવેશ થાય છે. કદાચ એપ્સ્ટિન ફાઇલનો ઉપયોગ કરીને મોદીને આ કરાર માટે તૈયાર કરવામાં આવ્યા હોય તેવું પણ બની શકે છે.

હકીકતમાં, ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા અચાનક ભારત સાથેના ટ્રેડ ડીલની જાહેરાત કરવા પાછળ કારણ ભારત-EU વેપાર કરાર છે. આ કરારની જાહેરાત પછી ડોનાલ્ડ ટ્રમ્પને પોતે પાછળ રહી ગયા હોવાની લાગણી થઈ હતી, જેને કારણે તેમણે ભારત સાથેનો કરાર કરવામાં ઉતાવળ રાખી હતી. ભારત-EU વેપાર કરાર સૌથી સ્પષ્ટ આર્થિક કરાર છે. આ કરાર નિઃશંકપણે બંને પક્ષો વચ્ચે વેપારમાં વધારો કરશે. EU પહેલેથી જ માલસામાનમાં આપણો સૌથી મોટો વેપાર ભાગીદાર છે અને જો સેવાઓનો સમાવેશ કરવામાં આવે તો બીજો સૌથી મોટો ભાગીદાર બનશે. હાલમાં અમેરિકા ભારતનો સૌથી મોટો વેપાર ભાગીદાર છે. FTA વિના પણ આ વાસ્તવિકતા છે. FTAમાં કેટલીક સેવાઓનો સમાવેશ થાય છે, તેથી ત્યાં પણ ફાયદા હોવા જોઈએ. ભારત અને EU માટેના સંભવિત વેપાર લાભોની આપણા મીડિયામાં આર્થિક નિષ્ણાતો અને અન્ય લોકો દ્વારા વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. ભારત માટે સૌથી મોટો ફાયદો એ થશે કે આપણા અર્થતંત્રના શ્રમ અને રોજગાર-સઘન ક્ષેત્રો, જેમ કે કાપડ, ચામડાંની ચીજવસ્તુઓ, ફૂટવેર, રત્નો અને ઝવેરાત, જે ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા લાદવામાં આવેલા ૫૦ ટકા ટેરિફ હેઠળ અમેરિકામાં નિકાસમાં ઘટાડો થવાને કારણે દબાણ હેઠળ આવ્યા હતા, તેમના માટે EU બજારમાં પ્રવેશ મળશે. અલબત્ત, આ માલ પર શૂન્ય ટેરિફના ફાયદા ભારત-EU FTA અમલમાં આવ્યા પછી જ કાર્યરત થશે.

જો અમેરિકા એવું વિચારતું હોય કે તે ભારતને શરણાગતિ સ્વીકારવા માટે ધમકાવી શકે છે, તો વાસ્તવિકતા એ છે કે ભારતને ઘણા દેશો સાથે FTA વાટાઘાટો કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યું છે, જેથી WTO ની નબળી પડતી ખંડિત વેપાર-વ્યવસ્થામાં ભારત પસંદગીના ભાગીદારો સાથે અનુકૂળ વેપાર વ્યવસ્થા કરી શકે. ભારતે પહેલાથી જ UK, યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસીએશન, ઓસ્ટ્રેલિયા, UAE, ન્યુઝીલેન્ડ અને ઓમાન સાથે FTA પર હસ્તાક્ષર કર્યા છે. તે ચિલી, પેરુ અને ઇઝરાયલ સાથે પણ સોદાઓ પર વાટાઘાટો કરી રહ્યું છે અને કેનેડા સાથે FTA વાટાઘાટો ફરી શરૂ થઈ રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પની માંગણીઓના જવાબમાં EU દેશો તેમના સંરક્ષણ ખર્ચમાં વધારો કરી રહ્યા છે, પરંતુ હવે તેમની સુરક્ષા માટે અમેરિકા પર નિર્ભરતા ઘટાડવા માટે તેમની પાસે પોતાની સ્વતંત્ર સંરક્ષણ ક્ષમતાઓ વિકસાવવાનું પ્રોત્સાહન છે, કારણ કે હવે NATO હેઠળ યુરોપ માટે અમેરિકાનું સુરક્ષા છત્ર અનિશ્ચિત બની ગયું છે. ભારત યુરોપમાં નવી સંરક્ષણ ઉત્પાદન સપ્લાય ચેઇનમાં ભાગ લઈ શકે છે અને ભારતના પોતાના સંરક્ષણ આત્મનિર્ભરતાના ભાગરૂપે યુરોપિયન યુનિયન સંયુક્ત વિકાસ અને ઉત્પાદનનું અન્વેષણ પણ કરી શકે છે. ભારત અને EU વચ્ચેના વેપાર કરારની સરખામણી ભારત-અમેરિકા વચ્ચેના વેપાર કરાર સાથે કરવા જેવી છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના ટ્રેઝરી અને વાણિજ્ય સચિવોની મહિનાઓની ઉશ્કેરણીજનક ટિપ્પણીઓ પછી અચાનક પોતાનો રસ્તો બદલી નાખ્યો છે અને ભારત સાથે વેપાર કરારની જાહેરાત કરી છે. ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો છે કે મોદી રશિયન ખનિજ તેલ ન ખરીદવા માટે સંમત થયા છે અને ભારત હવે અમેરિકન અને સંભવિત રીતે વેનેઝુએલાનું તેલ ખરીદશે. જો કે, વડા પ્રધાન મોદીએ આવી કોઈ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હોય તેવું જાહેર કરવામાં આવ્યું નથી, કારણ કે ભારતનું વલણ એ રહ્યું છે કે અમારા નિર્ણયો બજારનાં પરિબળો, ભાવ પરિબળ, સ્રોતોના વૈવિધ્યીકરણ અને ઊર્જા સુરક્ષા પર આધારિત હશે. હકીકતમાં, અમેરિકન સંરક્ષણ કંપનીઓ ભારતીય બજારમાં યુરોપ સામે હારી જવાથી ગભરાઈ ગઈ હતી, કારણ કે ડોનાલ્ડ ટ્રમ્પની ભારત પ્રત્યેની વેપાર નીતિઓ અમેરિકા સાથે સંરક્ષણ ભાગીદારીમાં વિશ્વાસ ઘટાડી રહી હતી.

ડોનાલ્ડ ટ્રમ્પની પોસ્ટમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે ભારત અમેરિકાનાં ઉત્પાદનો પર શૂન્ય ટેરિફ તરફ આગળ વધશે તે ગેરમાર્ગે દોરનારું છે, કારણ કે ભારતે તમામ ક્ષેત્રોમાં નહીં પરંતુ પસંદગીના અમેરિકન ઔદ્યોગિક ઉત્પાદનો પર શૂન્ય ટેરિફ માટે સંમતિ આપી હોય તેવું લાગે છે. ભારત ૫૦૦ અબજ ડોલરના અમેરિકી ઊર્જા, ટેકનોલોજી, કૃષિપેદાશો અને કોલસો ખરીદશે તે ડોનાલ્ડ ટ્રમ્પની એવું બતાવવાની યુક્તિ છે કે તેમની માંગણીઓ પૂર્ણ થઈ ગઈ છે અને સોદો કરવાની તેમની બળજબરીભરી પદ્ધતિઓ હંમેશા સફળ રહે છે. કોઈ પણ સંજોગોમાં, ભારતની એવી અપેક્ષા નહોતી કે અમેરિકા આપણી શ્રમ-સઘન નિકાસને ડ્યુટી-મુક્ત પહોંચ આપશે, કારણ કે અમેરિકા બાંગ્લા દેશની કાપડ આયાત પર ૨૦ ટકા અને પાકિસ્તાનના કિસ્સામાં ૧૯ ટકા ટેરિફ લાગુ કરી રહ્યું છે. જો ભારત પરનો ટેરિફ ૧૮ ટકા કરાયો છે, તો તે આપણને થોડો ફાયદો આપે છે. તેમ છતાં, ભારત-EU વેપાર કરાર દ્વારા EU સાથે શૂન્ય-ટેરિફ શાસન અને અમેરિકા સાથે નાના ફાયદાકારક ટેરિફ શાસન સાથે, આપણે પડોશીઓ કરતાં સારી સ્થિતિમાં છીએ.

ભારતમાં અમેરિકાની કૃષિપેદાશોની આયાત બાબતમાં હજુ પણ ગૂંચવાડો દેખાઈ રહ્યો છે. ભારત સરકારનાં ઉચ્ચ સ્તરીય સૂત્રો કહે છે કે ''ભારત-અમેરિકા વેપાર કરારમાં ભારતીય કૃષિ-ઉત્પાદનો પર કોઈ સમાધાન કરવામાં આવશે નહીં. સરકાર કૃષિ-ઉત્પાદનો પર પોતાના વલણ પર અડગ રહે છે. કૃષિ અને ડેરી પર કોઈ સમાધાન કરવામાં આવશે નહીં. કૃષિ અને ડેરીમાં ભારતીય હિતો પહેલાં પણ હતાં, હજુ પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે. મોદી સરકાર ભારતીય ખેડૂતોનાં હિતો પર કોઈ સમાધાન કરશે નહીં.'' એક બાજુ ભારત સરકારની આ જાહેરાત છે અને બીજી બાજુ અમેરિકાના કૃષિસચિવ બ્રુક રોલિન્સની જાહેરાત છે; કોના પર વિશ્વાસ મૂકી શકાય?

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

અમેરિકાના કૃષિસચિવ બ્રુક રોલિન્સે ઇન્સ્ટાગ્રામ પર લખ્યું છે કે નવા અમેરિકા-ભારત કરારથી ભારતના વિશાળ બજારમાં અમેરિકાનાં કૃષિ-ઉત્પાદનોની નિકાસ વધશે

BUSINESS મિત્ર

સેન્સેક્સમાં 2,073 પોઈન્ટનો જ્યારે નિફ્ટી 639 પોઇન્ટનો જોરદાર ઉછાળો જોવાયો

ભારત-અમેરિકા વેપાર કરારથી શેરબજારમાં ફુલગુલાબી તેજી

સેન્સેક્સ 2.54 ટકાના ઉછાળા સાથે 85,871.73 પર અને નિફ્ટી 2.55 ટકાના ઉછાળા સાથે 25,727.55 પર બંધ

ભારત-અમેરિકા વચ્ચે થયેલી ટ્રેડ ડીલને પગલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ફરી બજારમાં મૂડી ઠાલવી

બીએસઈ પર લિસ્ટેડ 3,304 કંપનીઓના શેર વધ્યા ૯૮૧ શેર ઘટ્યા અને ૧૩૭ અન્ય કંપનીઓના શેર યથાવત

મુંબઈ, તા. 03 (પીટીઆઈ) : ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર પર સંમતિ થયા બાદ ભારતીય રૂપિયો મંગળવારે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર એશિયન ચલણ તરીકે ઉભરી આવ્યો અને એક જ ટ્રેડિંગ સત્રમાં 122 પૈસા અથવા 1.33 ટકા વધીને અમેરિકન ડોલર સામે 90.27 પર બંધ થયો હતો. ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર થયા પછી ભારતીય રૂપિયો લગભગ 1.5 ટકા વધીને અઢી અઠવાડિયામાં તેના સર્વોચ્ચ સ્તરે પહોંચ્યો. ઇન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં રૂપિયો 90.30 પર ખુલ્યો હતો. દિવસ દરમિયાન તે સૌથી વધુ 90.05 અને સૌથી નીચે 90.52ની વચ્ચે વધઘટમાં રહીને પછી 90.27 પ્રતિ ડોલર પર બંધ થયો હતો. સોમવારે રૂપિયો 44 પૈસા વધીને 91.49 પ્રતિ ડોલર પર બંધ થયો હતો. મંગળવારના ટ્રેડિંગ સત્રના અંતે રૂપિયો યુએસ ડોલર સામે 90.27 પર બંધ થયો, જે તેના અગાઉના બંધ કરતા 122 પૈસા વધુ હતો.

ભારત-અમેરિકા ટ્રેડ ડીલને પગલે ડોલર સામે રૂપિયો મજબૂત

ફોરેક્સ બજાર

ડોલર	90.18 રૂ.
યુરો	106.45 રૂ.
પાઉન્ડ	123.38 રૂ.
યેન	0.57868 રૂ.

મુંબઈ, તા. 03 (પીટીઆઈ) : ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરારની જાહેરાતથી ઉત્સાહિત, સ્થાનિક શેરબજારોમાં મંગળવારે ભારે ઉછાળો નોંધાયો અને બેન્ચમાર્ક સેન્સેક્સ 2,073 પોઈન્ટ જ્યારે નિફ્ટી 639 પોઈન્ટ ઉછળ્યો હતો.

શરૂઆતના કારોબારમાં ૩૦ શેરોવાળા બીએસઈ બેન્ચમાર્ક સેન્સેક્સ ૪,૨૦૫.૨૭ પોઈન્ટ અથવા ૫.૧૪ ટકાના ઉછાળા સાથે ૮૫,૮૭૧.૭૩ ની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. જોકે, પાછળથી પ્રોફિટ-બુકિંગને કારણે તે ૨,૦૭૨.૬૭ પોઈન્ટ અથવા ૨.૫૪ ટકાના વધારા સાથે ૮૩,૭૩૯.૧૩ પર બંધ થયો હતો.

એનએસઈનો 50 શેરનો બેન્ચમાર્ક નિફ્ટી પણ 639.15 પોઈન્ટ અથવા 2.55 ટકા વધીને 25,727.55 પર બંધ થયો હતો. દિવસ દરમિયાન, તે 1,252.80 પોઈન્ટ અથવા 4.99 ટકા વધીને 26,341.20 પર પહોંચ્યો હતો. સોમવારે રાત્રે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે ફોન પર વાત કર્યા પછી, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે ભારતીય માલ પરના બદલો ટેરિફ 25 ટકાથી ઘટાડીને 18 ટકા કરવામાં આવશે. જોકે, કરારની વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. વેપાર કરાર હેઠળ, અમેરિકા ભારતીય ઉત્પાદનો પર લાદવામાં આવેલા 25 ટકા પ્રતિશોધાત્મક ટેરિફને ઘટાડીને 18 ટકા કરવા અને રશિયન તેલની સતત ખરીદી પર વધારાના 25 ટકા ટેરિફ લાદવા સંમત થયું.

સેન્સેક્સ કંપનીઓમાં અદાણી પોર્ટ્સ સૌથી વધુ 9.12 ટકા વધ્યો હતો. બજાજ ફાઈનાન્સ, ઈન્ટરગ્લોબ એવિએશન, પાવર ગ્રીડ, સન ફાર્મા, બજાજ ફિનસર્વ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પણ મુખ્ય વધનારાઓમાં સામેલ હતા. જોકે, આ તેજીના તબક્કા દરમિયાન, ટેક મહિન્દ્રા અને ભારત ઈલેક્ટ્રોનિક્સના શેર ઘટાડા સાથે બંધ થયા. વેપાર કરારના સમાચારને કારણે કાપડ, ચામડું, રત્નો અને ઝવેરાત, સીફૂડ નિકાસ અને વિશેષ રસાયણો ક્ષેત્રોને લગતા શેરોમાં તીવ્ર વધારો થયો.

બજારના નિષ્ણાતોએ જણાવ્યું હતું કે ભારત-અમેરિકા વેપાર સોદો અને મજબૂત રૂપિયાએ વિદેશી સંસ્થાકીય રોકાણ (FII) ના પ્રવાહની આશા વધારી છે. યુએસ ટેરિફ 50% થી ઘટાડીને 18% કરવાથી ઉભરતા બજારોમાં ભારતની સ્પર્ધાત્મક સ્થિતિ મજબૂત થઈ છે અને નિકાસલક્ષી ક્ષેત્રો માટે દૃષ્ટિકોણમાં સુધારો થયો છે. ભારત-યુએસ વેપાર કરારની જાહેરાત અને ભારતીય નિકાસ પરના ટેરિફમાં ઘટાડાને કારણે ભારતીય શેરબજારમાં તાજેતરના સમયમાં સૌથી મોટો એક દિવસીય ઉછાળો નોંધાયો છે. બજારની ભાવના ખૂબ જ સકારાત્મક રહી, ખાસ કરીને નિકાસલક્ષી અને કોમોડિટી સંબંધિત ક્ષેત્રો દ્વારા તેનું નેતૃત્વ કરવામાં આવ્યું. મોટી કંપનીઓમાં થયેલા સર્વાંગી વધારા વચ્ચે, મધ્યમ કદની અને નાની કંપનીઓના શેરોએ પણ આ વધારાનો સંપૂર્ણ લાભ લીધો.

સેન્સેક્સ	2,072.67	83739.13
નિફ્ટી	639.15	25727.55
બેન્ક નિફ્ટી	1,422.30	60041.30

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અદાણી એન્ટ.	10.38	2,202.60
અદાણી પોર્ટ	9.10	1,530.80
જીયો ફાઇનાન્સ	8.11	263.90
બજાજ ફાઇનાન્સ	6.72	964.40
ઇન્ટરગ્લોબ	5.53	4,946.20

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટેક મહિન્દ્રા	0.44	1,716.50
ભારત ઇલે.	0.03	438.95
નેસ્લે	0.02	1,308.00

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અદાણી પોર્ટ	9.12	1,530.90
બજાજ ફાઇનાન્સ	6.68	964.75
ઇન્ટરગ્લોબ	5.51	4,945.55
પાવર ગ્રીડ	4.85	283.25
સન ફાર્મા	4.54	1,702.80

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટેક મહિન્દ્રા	0.57	1,714.00
ભારત ઇલે.	0.23	439.00

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂ.	૭૫/૩૬ ''	૧૧૧	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૩૩	૫૦/૩૬ ''	૧૨૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૨૯
૩૦/૩૬ એફડી	૨૩૮	૫૦/૪૮ SD/કેપ	૧૮૫	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૬/૨૪ એફડીવાય	૧૧૪.૫૦
૬૨/૩૬ ક્રિમ્પ	૧૨૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૧૪ ક્રિમ્પ	૧૬૧
૬૮/૩૬	૧૧૯	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૨૨
૭૨/૩૬ ક્રિમ્પ	૧૧૮	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧૨૦
૯૦/૩૬ ક્રિમ્પ	૧૧૨	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૧૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૧૩	૮૦/૭૨ રોટો	૧૨૦	૭૫ ક્રિમ્પ	૧૧૬
૩૦/૧૪ ક્રિમ્પ	૧૫૮	૮૦/૭૨ ફોલ્ડર	૧૨૯	૮૦ ક્રિમ્પ	૧૧૫
૮૦/૭૨ રોટો.	૧૧૭.૫	૧૬૦ ડીસ્કેટ	૧૨૯	૮૦/૭૨ રોટો	૧૧૮
૮૦/૩૬ રોટો.	૧૧૬	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૧૨	૮૦/૧૦૮ ''	૧૨૪	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૧૬

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૭૯૫૦
તેજાબી સોનું	૧૫૭૮૬૦
દાગીના-૨૨ કેરેટ	૧૫૦૦૫૦
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૫૪૭૭૦
સોનાનાં બિસ્કીટ	૧૫૭૯૫૦૦
ચાંદી (૯૯૯)	૨૮૧૭૦૦
ચાંદી સિક્કા	૨૮૩૨૦૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૭૮૦	કોપરેલ	૬૩૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૫૮૦	વનસ્પતિ ઘી	૨૩૨૦
સીંગતેલ (૫ લી)	૮૩૦	સનફ્લાવર	૨૩૫૦
કપાસીયા (૧૫ કિ.)	૨૩૬૦	તલતેલ	૪૯૫૦
કપાસીયા (૧૫ લિ.)	૨૧૫૦	દિવેલ	૨૪૯૦
કપાસીયા (૫ લિ.)	૭૮૦	મકાઇ તેલ	૨૩૫૦
સરસીયું તેલ	૨